## કોટન કનેકટ સાઉથ એશીયા પ્રાઇવેટ લીમીટેડ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજનાં સંયુક્ત ઉપક્રમે કપાસના પાકની ટકાઉ ખેતી પધ્ધતિ અંતર્ગત માસ્ટર ટ્રેનર્સની તાલીમ યોજાઇ

કોટનક્નેક્ટ સાઉથ એશીયા પ્રાઇવેટ લીમીટેડ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજનાં સંયુક્ત ઉપક્રમે માન. કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ પ્રીમાર્ક ટકાઉ કપાસ પ્રોગ્રામ અંતર્ગત અનીકેત હોસ્ટેલ, આ.કૃ.યુ., આણંદ ખાતે કોટન કનેક્ટ કંપની સાથે સંકળાયેલ માસ્ટર ટ્રેનર્સની તાલીમ યોજાઇ. સદર તાલીમ તા.૦૩/૦૭/૨૦૨૩ થી ૦૫/૦૭/૨૦૨૩ અને ૦૫/૦૭/૨૦૨૩ થી ૦૭/૦૭/૨૦૨૩ બે બેચમાં આયોજીત કરવામાં આવી હતી. જેમાં ગુજરાતનાં રાજ્યના અમદાવાદ, ગાંધીનગર, છોટાઉદેપુર, પાટણ, મહેસાણા અને અરવલ્લી જિલ્લાના કુલ ૩૭ કર્મચારીઓ “માસ્ટર ટ્રેનર્સ” ની તાલીમ માટે હાજર રહેલ. સદર તાલીમમાં સસ્ટેનેબલ કોટન પ્રોગ્રામ સાથે સંકળાયેલ શ્રી રાજીવ બારૂહ, ગ્લોબલ એગ્રોનોમીક મેનેજર ઇન્ડીયા, પ્રીમાર્ક તેમજ કોટન કનેક્ટ કંપનીમાં કાર્યરત સીનીયર પ્રોગ્રામ મેનેજર શ્રીમતી અર્ચનાબેન પાચેનકર, મેનેજર શ્રીમતી પુનમ તેમજ પ્રોગ્રામ મેનેજર રવિ ગેવરીયા ઉપસ્થિત રહ્યા હતા. કોટન કનેક્ટ પ્રોજેક્ટ દ્વારા સ્પોનસર્ડ તાલીમના ઉદઘાટન સમારંભની શરૂઆતમાં કેવિકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. વાય.સી.લકુમે સર્વેનું સ્વાગત કર્યુ અને કપાસનાં પાકનું આર્થિક તેમજ ઔદ્યોગિક મહત્વ વિષે ચર્ચા કરી. શ્રી રાજીવ બારૂહ એ તેમના વક્તવ્યમાં વૈશ્વિક સ્તરે ઓર્ગેનીક કપાસની આર્થિક ઉપયોગીતા વિષે સર્વેને માહિતગાર કર્યા. શ્રીમતી પુનમે જણાવ્યુકે કપાસ ની દેશવિદેશમાં ખુબજ માંગ હોઇ કપાસના પાકમાં ટકાઉ ખેતી પધ્ધતિ તેમજ પર્યાવરણલક્ષી અભિગમ અપનાવી ગુણવત્તાયુક્ત ઉત્પાદન તેમજ વધુ આર્થિક નફો મેળવી શકાય.

આ તાંત્રિક કાર્યક્રમ દરમ્યાન આણંદ કૃષિ યુનિવર્સિટીનાં વિવિધ વિભાગોમાંથી હાજર રહેલ આમંત્રિત વૈજ્ઞાનિકો દ્વારા જેતે વિષયને અનુરૂપ વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. જેમાં કપાસના પાકમાં સંકલિત પોષણ વ્યવસ્થાપન, સંકલિત જીવાત વ્યવસ્થાપન, કપાસના રોગો, તેની ઓળખ, સંકલીત રોગ નિયંત્રણ, કેનોપી મેનેજમેન્ટ, જમીનની ફળદ્રુપતાનું વ્યવસ્થાપન, જમીનનું ધોવાણ, જમીનના ભેજની સાચવણી, પિયત વ્યવસ્થાપન, એગ્રોફોરેસ્ટ્રી, જૈવિક વિવિધતાનું મહત્વ અને જળવાયુ પરિવર્તન વગેરે વિષે પુરતી સમજ આપવામાં આવેલ. આ તાલીમના ભાગરૂપે પેસ્ટીસાઇડ રેસીડ્યુ લેબોરેટરી, બાયોફર્ટીલાઇઝર વિભાગ, જૈવિક નિયંત્રણ વિભાગ, હવામાનશાસ્ત્ર વિભાગ તેમજ એગ્રોનોમી ફાર્મની મુલાકાત દરમ્યાન જે તે વિભાગની પ્રવૃત્તિઓની જાણકારી સર્વે તાલીમાર્થીઓને આપવામાં આવી. તાલીમના અંતે ફીડબેક માં ટ્રેનર્સ દ્વારા ખુબજ સારા પ્રતિભાવો મળેલ. વધુમાં તેઓએ જણાવ્યું કે આણંદ કૃષિ યુનિવર્સિટીનાં વૈજ્ઞાનીકો દ્વારા મળેલ તાલીમ ખેડૂત સમુદાય ની સેવામાં ખુબજ ઉપયોગી થશે. સમગ્ર તાલીમનું સંચાલન કેવિકેનાં વૈજ્ઞાનિક ડો.આર.એમ.પટેલ અને ડો. વાય.સી.લકુમ દ્વારા કરવામાં આવેલ.

# તાલીમની ઝાંખીઓ




TRAINING OF TRAINERS
Primark Sustainable Cotton Programme


TRAINING OF TRAINERS
Primark Sustainable Cotton Programme


TRAINING OF TRAINERS
Primark Sustainable Cotton Programme




AINP ON PESTICIDE RESIDUES
ANAND AGRICULTURAL UNIVERSITY
ANAND - 388 110
એ. આઇ. એન. પી. ઓન પેસ્ટીસાઇડ રેસીડ્યુઝ
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ-૩૮૮ ૧૧૦
TRAINING OF TRAINERS
Primark Sustainable Cotton Programme



